
# સ્વસ્તિક



ધર્મ પરંપરા
**શાસ્ત્રી પાંડુરંગ આઠવલે**

કોઈ પણ કાર્ય નિર્વિઘ્ન પૂરું થાય એવી ઈચ્છા હોય તો કાર્યની શરૂઆતમાં 'મંગલ' કરવું જોઈએ. સંસ્કૃત સાહિત્યના મહાકવિઓ પોતાના ગ્રંથની શરૂઆત મંગલનો એક શ્લોક લખીને મંગલમૂર્તિ ભગવાનનું વાઙ્મયીન પૂજન કરતા હતા, પરંતુ આવા પ્રકારની શ્લોક રચના કરવી એ સામાન્ય માણસને શક્ય નથી. ઋષિઓએ તેમને એક ચિન્હ આપ્યું અને તે ચિહ્ન એટલે સ્વસ્તિક. અભણ માણસો ચૂંટણી વખતે જેમ નિશાની જોઈને પોતાનો મત આપે છે તેમ સામાન્ય સ્ત્રી-પુરુષો સ્વસ્તિકના પ્રતીક દ્વારા પોતાના કાર્યનું માંગલ્ય વાંછે છે.

સ્વસ્તિક શબ્દ 'સુ+અસ્' ધાતુમાંથી બનેલો છે. 'સુ' એટલે સારું, કલ્યાણમય, મંગલ અને 'અસ્' એટલે સત્તા, અસ્તિત્વ. સ્વસ્તિ એટલે કલ્યાણની સત્તા, માંગલ્યનું અસ્તિત્ત્વ અને તેનું પ્રતિક એટલે સ્વસ્તિક, જયાં જયાં શ્રી છે. શોભા છે. સુસંવાદ છે; પ્રેમ, ઉલ્લાસ, જીવનનું ઔદાર્ય અને વ્યવહારનું સૌહાર્દ દેખાય છે ત્યાં ત્યાં સ્વસ્તિ ભાવના રહેલી જ છે. સ્વસ્તિ ભાવનામાં જ માનવનો તેમજ વિશ્વનો વિકાસ રહેલો છે.

> સ્વસ્તિકનું મધ્યબિંદુ એ વિષ્ણુ ભગવાનનું નાભિકમળ-બ્રહ્માનું સ્થાન. એ ઉપરથી એવું પણ અનુમાન થઇ શકે કે સ્વસ્તિક એ સર્જનનું પણ પ્રતીક છે

એક ઊભી રેખા અને તેના પર તેટલી જ લાંબી બીજી આડી રેખા એ સ્વસ્તિકની મૂળ આકૃતિ હતી. ઊભી લીટી એ જ્યોતિર્લિંગનું સૂચન કરે છે. જ્યોતિર્લિંગ એ વિશ્વની ઉત્પત્તિનું મૂળ કારણ છે. આડી રેખા એ વિશ્વનો વિસ્તાર બતાવે છે. ઈશ્વરે જ આ વિશ્વ નિર્માણ કર્યું અને દેવોએ પોતાની શક્તિ ખર્ચી તેનો વિસ્તાર કર્યો; એવો મૂળ સ્વસ્તિકનો ભાવાર્થ છે. એકમેવ અને અદ્વિતીય બ્રહ્મ વિશ્વરૂપે વિસ્તર્યું એ વાત સ્વસ્તિકની ઊભી અને આડી લીટી સ્પષ્ટ રીતે સમજાવે છે. એ મૂળ સ્વસ્તિક જ ક્રોસના રૂપે આજે પણ ક્રિશ્ચિયન લોકોની ઉપાસનામાં જોવા મળે છે. આના પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે ક્રોસમાંથી સ્વસ્તિક નિર્માણ થયું - એમ માનવું એ ભ્રાંત કલ્પના છે. સ્વસ્તિકની નિર્મિતિ ઈશુના ક્રોસ પૂર્વે હજારો વર્ષ પહેલાં થઈ છે.

સ્વસ્તિકની ચાર ભુજાઓ એટલે ભગવાન વિષ્ણુના ચાર હાથ. ભગવાન વિષ્ણુ પોતાના ચાર હાથથી ચારે દિશાનું પાલન કરે છે. ભગવાનના ચાર હાથ મને સહાય કરનારા છે તેમજ ચારે દિશાઓ મને મારા કાર્યક્ષેત્રનું સૂચન કરે છે. અમર કોશમાં લખ્યું છે કે 'स्वस्तिकः सर्वतो भद्रा' સ્વસ્તિક એટલે બધી બાજુથી બધી રીતે કલ્યાણ. બધાનું બધી રીતે ભલું થાઓ એવો આ પ્રતીકનો ભાવ છે. બધાનું કલ્યાણ વાંછવું એ વિશાળ દિલની નિશાની છે; પરંતુ બધાનું જ મંગલ થાય એમ કેવળ બોલીને છૂટા થવાય નહીં, એને માટે માનવ કૃતિશીલ બનવો જોઈએ. આ રીતે વિચારતાં 'હિંમતે મર્દા તો મદદે ખુદા' - એ કહેવતનું મહત્ત્વ સ્વસ્તિક સંકેતથી સમજાવે છે. સ્વસ્તિકની ઊભી રેખા ભગવાન મારી જોડે ઊભો છે તેનું સૂચન કરે છે અને આડી રેખા મારે તે ભગવાનના કામ માટે વિશ્વમાં ફરી વળવાનું છે તે તરફ મારું ધ્યાન દોરે છે.

ઘણા વિદ્વાનો સ્વસ્તિકમાં દેશ અને કાળનો મિલનયોગ જુએ છે. સ્વસ્તિકનું મધ્યબિંદુ એ દેશ અને કાળનું મિલનબિંદુ છે. દેશ અને કાળ એ સાપેક્ષ તત્ત્વો છે. પરમાત્માની પાસે પહોંચનાર મનુષ્યને દેશકાળના બંધનો નડતાં નથી. દેશકાલાતીત આનંદ તે જ ખરો આનંદ; જેની અનુભૂતિ માણસને સમાધિની ક્ષણોમાં શક્ય છે. સ્વસ્તિકનું મધ્યબિંદુ એ વિષ્ણુ ભગવાનનું નાભિકમળ-બ્રહ્માનું સ્થાન. એ ઉપરથી એવું પણ અનુમાન થઈ શકે કે સ્વસ્તિક એ સર્જનનું પણ પ્રતીક છે.

સ્વસ્તિકની પાછળ એક યા બીજી રીતે મંગલમય સદ્દભાવના છુપાયેલી છે. વિવાહ પ્રસંગે પણ સાથિયાનું ખૂબ જ મહત્વ છે. પરણનાર વરવધૂનું આજીવન સખ્ય રહે તે માટે બંનેએ પોતાની દૃષ્ટિ તે મંગલ ક્ષણે સ્વસ્તિક પર સ્થિર કરવી જોઈએ. નવજાત શિશુને પણ છઠ્ઠીને દિવસે સ્વસ્તિક કાઢેલા વસ્ત્ર પર સુવાડવામાં આવે છે. તેનો હેતુ જીવનમાં એ બાળકને સ્વસ્તિકક્ષેમ પ્રાપ્ત થાય એ જ છે. વિખૂટા પડેલા પ્રિયજનોનો ફરી સંયોગ થાય તે માટે પણ સ્વસ્તિકની પૂજા કરવાની પ્રથા કેટલેક ઠેકાણે પ્રચલિત છે. દિવાળીને દિવસે ચોપડા-પૂજન કરી તેમાં કુમકુમના સાથિયા કાઢવાની પાછળ પણ નવું વર્ષ સૌભાગ્યસંપન્ન, સમૃદ્ધ અને માંગલિક બનો એ જ ભાવ રહેલો .સ્વસ્તિક એ શાંતિ, સમૃદ્ધિ અને માંગલ્યનું પ્રતીક હોવાથી કેટલીક સૌભાગ્યવતી સ્ત્રીઓ ચાતુર્માસ સ્વસ્તિક વ્રત કરે છે. આ વ્રતમાં રોજ સ્વસ્તિક કાઢી તેની પૂજા કરવાની હોય છે. ચાતુર્માસમાં મંદિરમાં ભગવાનની ની પાસે સાથિયો અને અષ્ટદળની રંગોળી કાઢનાર સ્ત્રીને વૈધવ્યનો ભય રહેતો નથી. એવું પદ્મપુરાણમાં કહ્યું છે.

ઘરના બારણા પાસે બહેનો સાથિયા કરે છે તેની પાછળ પણ આ જ ભાવ છે. બારણા પર સ્વસ્તિકનું ચિત્ર ચીતરીને બહેનો ભાવનાપૂર્વક ઈશ્વર પાસે માગે છે કે 'પ્રભુ મારા ઘરમાં જે કંઈ અન્ન, વસ્ત્ર ઈત્યાદિ વૈભ આવે તે પવિત્ર રહેવા દો. અનર્થથી મેળવેલો વૈભવ જીવનમાં પણ અનર્થ સર્જે છે. ભારતીય શિલ્પકળામાં પણ સ્વસ્તિકે ગૌરવપૂર્ણ સ્થાન મેળવ્યું છે. ભારતના મોટા ભાગના મંદિરોમાં સ્વસ્તિક આકારનો શિલ્પાવિષ્કાર જોવા મળશે. ફક્ત ભારતમાં જ નહીં પણ વિશ્વના ઘણા દેશોમાં પ્રાચીન કાળથી સ્વસ્તિકનું મહત્ત્વ પ્રસ્થાપિત થયું છે જૈન ધર્મ અને બુદ્ધ ધર્મે પણ સ્વસ્તિકને પૂજ્ય માન્યું છે.

શાંતિનો સ્થાપક તેમજ સમૃદ્ધિનો સંવર્ધક સાથિયો આપણને સંદેશ આપે છે. કે :

यदा न कुरुते भावं सर्व भूतेष्वमंगलम् ।
समदृष्टेस्तदा पुंसः सर्वासुखमया दिशः ॥

'કોઈ પણ જીવ પ્રત્યે હૃદયમાં કશો પણ કુભાવ નથી રહેતો ત્યારે જીવનની બધી જ દિશાઓ મંગળમય બની જાય'




## સપ્તાહના વ્રત-તહેવારો
## તા. ૨૮ ઓકટોબર થી તા. ૩ નવેમ્બર-૨૦૨૪
## વિક્રમ સંવત: ૨૦૮૦-૮૧
## જૈન સંવત: ૨૫૫૧

### તા. ૨૮ સોમવાર
આસો વદ અગિયારસ રમા એકાદશી (કેળા) વાઘ બારસ, વસુ બારસ

### તા. ૨૯ મંગળવાર
આસો વદ બારસ ગુરુદ્વાદશી, ધનતેરસ, ધનવંતરી જયંતી શ્રીપાદ વલ્લભ અંતર્ધાન દિન ભોમ પ્રદોષ, યમ દીપદાન

### તા. 30 બુધવાર
આસો વદ તેરસ કાળી ચૌદશ ,શિવરાત્રી

### તા. 3૧ ગુરુવાર
આસો વદ ચૌદશ, સરદાર પટેલ જયંતી લક્ષ્મી કુબેર પૂજન, નરક ચતુર્દશી, મહાવીર નિર્વાણ દિન, દયાનંદ સરસવતી નિર્વાણ, યમ તર્પણ, કાલી પૂજા, બપોરે 3.53થી અમાસ શરૂ થાય.

### તા. ૧ શુક્રવાર
આસો વદ  અમાસ દર્શ અમાસ લક્ષ્મી પૂજન, હનુમાન જયતી અયોધ્યા, ઉ.પ. સાંજે 6.16 મિનિટે અમાસ સમાપ્ત

### તા. ૨ શનિવાર
કારતક સુદ એકમ, નૂતન વર્ષ, વિક્રમ સંવત ૨૦૮૧, જૈન સંવત્સર ૨૫૫૧નો પ્રારંભ, બલિપ્રતિપદા, ગોવર્ધન પૂજા, અન્નકૂટ, ગૌક્રીડા ,અભ્યંગ સ્નાન

### તા. 3 નવેમ્બ, રવિવાર
આસો કારતક સુદ બીજ, ભાઇબીજ, યમ દ્વિતીયા, ચંદ્રદર્શન

# આવિષ્કાર એટલે દીપપર્વ



અજવાળાં
**દુર્ગેશ ઉપાધ્યાય**

દીપોત્સવ એ દિવડાઓનો ઉત્સવ છે. દિપની હારમાળા એટલે દિપાવલી. ભગવાન રામ રાવણ સાથે યુધ્ધ કરી વિજય મેળવી અયોધ્યા પધાર્યા ત્યારે નગરજનો એ ઘેર ઘેર દીવા પ્રગટાવી આ ઉત્સવ મનાવ્યો, ત્યારથી આ દીપોત્સવની પરંપરા શરૂ થઈ.

આ મહાપર્વે દીપમાળા પ્રગટાવી અંધકારને જાકારો આપવામાં આવે છે અને ઘર- આંગણે સર્વત્ર પ્રકાશ પાથરવામાં આવે છે. જ્યાં પ્રકાશ પથરાય ત્યાં અંધકારનું અસ્તિત્વ ન હોય, જ્યાં સ્વચ્છતા હોય ત્યાં ગંદકીનું સામ્રાજ્ય ન હોય, જ્યાં સત્ય પ્રગટે ત્યાં અસત્ય નાશ પામે. આ બધી સકારાત્મકતા જ જીવનને સુખ-શાંતિ અને સંપત્તિ આપે છે.

> જીવનમાં અજવાળું રેલાવવું હશે, તો આપણે બદલાવું પડશે. કોડિયાં બદલવાથી અજવાળું નથી પથરાતું, દીવડાની વાટ અને તેલ બદલાવું પડે છે

એજ રીતે જીવનમાં પ્રકાશ પથરાય, સદ્દગુણો કે નીતિનો પ્રભાવ વર્તાય તો દુર્ગુણો, અનિતિ દૂર ભાગે છે. આ અજવાળાનો આવિષ્કાર જ દીપપર્વ છે.

ઘર આંગણે દીવા પ્રગટાવી આપણે આંગણાં તો અજવાળિયે છીએ, પણ અંતરને અજવાળતા નથી. દિવાળી આવે ને જાય, પછી આપણે તો એના એ.

જીવનમાં અજવાળું રેલાવવું હશે, તો આપણે બદલાવું પડશે. કોડિયાં બદલવાથી અજવાળું નથી પથરાતું, દીવડાની વાટ અને તેલ બદલાવું પડે છે. એમ જીવનના મૂલ્યો જળવાય, તો જીવતર અજવાળી શકાય. જીવનનું અજવાળું મૃત્યુ પછીયે નાશ પામતું નથી. માનવીના મૃત્યુ પછીયે એના સદ્દગુણો એના નામને અજવાળાતા રહે છે.

એટલે આ દીપપર્વ અંધકારમાંથી અજવાળા તરફની ગતિ કરવાનું પર્વ છે. અને ગતિ વિના જીવનની પ્રગતિ શક્ય નથી.

આ મહાપર્વે ત્રિગુણાત્મક શક્તિ ધરાવતી દેવીઓની પૂજા કરવામાં આવે છે. સરસ્વતી, લક્ષ્મી અને મહાકાલી યા દુર્ગાની પૂજા આ પર્વ સાથે મહત્વ ધરાવે છે. એટલે જીવનમાં જ્ઞાન, બુધ્ધિ, ધન ધાન્ય, સુખ અને શાંતિ પ્રગટે, અસૂરી વૃત્તિઓનો નાશ થાય એ માટે આ ત્રિગુણાત્મક શક્તિની આરાધના કરવામાં આવે છે.

કહેવાય છે કે, દીપાવળી પર્વે ઈન્દ્ર દેવ પણ પોતાની ગૃહલક્ષ્મી ઈન્દ્રાણીની પૂજા કરે છે. એમ નારી એ ગૃહલક્ષ્મી છે. ઘરમાં ધન- ધાન્ય કે પૈસો ત્યારે જ ટકે છે જ્યાં નારીનું સન્માન જળવાતું હોય, અને એટલે જ ઈન્દ્ર એ ધર્મશાળી છે. આ દિવ્ય શક્તિઓની કૃપા ત્યારે જ વરસે જ્યારે માનવી સદ્દગુણી હોય, સત્કર્મી હોય. અને એટલે નવા વર્ષમાં કોઈ નવો સદ્દગુણ સ્વીકારવાનો સંકલ્પ કરવમાં આવે છે. સદ્દગુણોનો વિકાસ એજ જીવન વિકાસ છે. બાકી બધું નકામું.